અપીલ અરજી નં.૪૦૩ તા.૧૫–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હરેશભાઈ પરસોતમભાઈ આંબલિયા
સામાવાળાઃ– ડે.કમિ.(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરેશભાઈ પરસોતમભાઈ આંબલિયાની તા.૨–૨–૧૧ની અરજીથી (૧)શહેર સુરત તા.ચોર્યાસી મોજે કતારગામમાં આવેલ રે.સર્વે નં.૧૧૧ પૈકી વાળી જમીન પરસોત્તમનગર કો.ઓ.હા.સોસા.માં મકાનો અને શાળાનું બાંધકામ કરેલ છે તે મકાનો ને શાળાને બાંધકામની મંજુરી આપવામાં આવેલ છે કે કેમ જો મકાનો અને શાળાને બાંધકામની મંજુરી આપવામાં આવેલ હોય નો કયારે અને કયા અધિકારી એ મંજુરી આપેલ છે તેની માહિતી આપો. વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૧૫–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૩/૨૦૧૦–૧૧.

શ્રી હરેશભાઈ પરસોતમભાઈ આંબલિયાની તા.૨–૨–૧૧ની અરજીથી (૧) શહેર સુરત તા.ચોર્યાસી મોજે કતારગામમાં આવેલ રે.સર્વે નં.૧૧૧ પૈકી વાળી જમીન પરસોત્તમનગર કો.ઓ.હા.સોસા.માં મકાનો અને શાળાનું બાંધકામ કરેલ છે તે મકાનો અને શાળાને બાંધકામની મંજુરી આપવામાં આવેલ છે કે કેમ જો મકાનો અને શાળાને બાંધકામની મંજુરી આપવામાં આવેલ હોય તો કયારે અને કયા અધિકારી એ મંજુરી આપેલ છે તેની માહિતી આપો. વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૬ સિવાય નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે મુદ્દા નં.૬ સિવાયની માહિતી આપ્યા નહીં આપ્યા બાબતે હકીકત પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૬૫ તા.૨૧–૩–૧૧ થી ડે.કમિ.(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નોર્થઝોન/આ.નં.૩૬૫ તા.૧૮–૪–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી અંગે નાણા ભરવા પાઠવેલ પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૬૫૮ તા.૯–૨–૧૧ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૧૨૮ તા.૭–૪–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨–૨–૧૧ ની અરજીથી સુરત શહેર તા.ચોર્યાસી મજો ગામ કતારગામમાં આવેલ રે.સ. નં.૧૧૧ પૈકી વાળીજમીન પરસોત્તમનગર કો.ઓ.હા.સો. ને લગતી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૬૫૮ તા.૯–૨–૧૧ થી આકારણી અને વસુલાત વિભાગને લગતી માહિતી મોજે કતારગામ રે.સ. નં.૧૧૧ પૈકી પરસોત્તમનગર કો.ઓ.હા.સો. માં આવેલ શાળાનો વેરો ભરેલ છે? જો હોય તો કયારે અને કોના નામે તે બાબતે સદર મિલ્કત પ્લોટ નં.૨૨૯–એ , પરસોત્તમનગર સોસા., નંદનવન સોસા.પાછળ કતારગામ સદરહુ પ્લોટ પર કતારગામઝોન કક્ષાના આકારણી દફતરે દાખલ શાળાના પાર્ટી સ્ટેટસની નકલનું પાના નંગ–૧ માહિતી અંગે રૂા.૨/– ભરપાઈ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે રસીદ નં.૧૮૫૮૬૭ તા.૧૪–૨–૧૧ થી રૂા.૨/– ભરપાઈ કરી માહિતી મેળવેલ છે. જે અંગે અરજદારે મુદ્દા નં.૬ ની વેરાબીલની નકલ મળેલ છે તેવું અપીલમાં જણાવેલ છે. તે સિવાયની નહીં મળેલી માહિતી અંગે અરજદારે તા.૧૫–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલ દરમ્યાન અરજદારને પત્ર નં.નોર્થઝોન/આ.નં.૧૨૮ તા.૭–૪–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) શહેર સુરત તા.ચોર્યાસી મોજે કતારગામમાં આવેલ રે.સર્વે નં.૧૧૧ પૈકી વાળી જમીન પરસોત્તમનગર કો.ઓ.હા.સોસા.માં મકાનો અને શાળાનું બાંધકામ કરેલ છે તે મકાનો અને શાળાને બાંધકામની મંજુરી આપવામાં આવેલ છે કે કેમ જો મકાનો અને શાળાને બાંધકામની મંજુરી આપવામાં આવેલ હોય તો કયારે અને કયા અધિકારી એ મંજુરી આપેલ છે તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કતારગામઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં મોજે કતારગામ રે.સ. નં.૧૧૧/ પૈકી વાળી જમીનમાં બાંધકામને લગતી કોઈ મંજુરી આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. (૨) મકાનો અને શાળાને મંજુરી આપવામાં આવતી નથી તો તેની સામે શું પગલા લીધા તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી જમીનમાં મંજુરી વિનાના બાંધકામને કતારગામઝોન કક્ષાએથી ધી બીપીએમસી એકટ મુજબ કારણદર્શક નોટીસ તથા મનાઈ હુકમ આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. (૩) મકાનો અને શાળાના બાંધકામ થયેલ છેતેની સામે પગલા લીધેલ નથી તો શું કારણથી પગલા લીધેલ નથી તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ મુજબના બાંધકામ કરનારાઓને નિયમ અનુસાર આપવામાં આવેલ નોટીસથી નારાજ થઈ મે. સુરતના બીજા એડી. સીનીયર સીવીલ જડજ સાહેબની કોર્ટમાં રે.દિ.મુ.નં. ૨૭૫/૧૦ થી

કોર્ટ મેટર કરેલ છે જે નામદાર કોર્ટ સમક્ષ પેન્ડીંગ હોય, હાલ પગલા લેવાના થતા નથી. તેવું જણાવેલ છે. (૪) તેના જવાબદાર અધિકારીનું નામ અને સરનામું આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નોવાળા બાંધકામ બાબતે જે તે સમયના કાર્યપાલક ઈજનેર તથા તેના લાગુ વિસ્તારના ડે.ઈજનેર તથા આસી./જુની. ઈજનેરને રહે છે. નોર્થઝોન કચેરીનું સરનામું તથા ટેલીફોન નંબર ની વિગત નીચે મુજબ છે. નોર્થઝોન (કતારગામઝોન) સુરત મહાનગરપાલિકા, ગોટાલાવાડી, સુરત ફોન નં.૨૫૩૦૫૧૮,૨૫૩૫૧૦૦ તેવું જણાવેલ છે. (૫) તેના જવાબદાર અધિકારી સામે શું પગલા લેવા તેની જાણકારી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ અન્વયે ફકત ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની થતી હોય , તેમના પ્રશ્નોત્તરી રૂપે સવાલની માહિતી આપવાની થતી નથી. તેવું જણાવેલ છે. (૬) તે શાળાનું વેરો ભરેલ છે જો હા તો કયારે અને કોના નામે ભરેલ છે તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૫૮ તા.૯–૨–૧૧ થી માહિતી અંગે રૂા.૨/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જે અરજદારે તા.૧૪–૨–૧૧ ના રોજ ભરપાઈ કરી માહિતી મેળવેલ છે. (૭) ૧૧૧ પૈકી વાળી જમીન પરસોત્તમનગર સોસા.માં શું કારણથી ડીમોલીશન કરવામાં આવ્યું હતું તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ મુજબ બાંધકામ કરનારાઓને નિયમોનુસાર આપવામાં આવેલ નોટીસથી નારાજ થઈ મે. સુરતના બીજા એડી. સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં રે.દિ.મુ.નં.૨૭૫/૧૦ થી કોર્ટ મેટર કરેલ છે. જે નામદાર કોર્ટ સમક્ષ પેન્ડીંગ હોય હાલ પગલા લેવાના થતા નથી તેવું જણાવેલ છે.પરંતુ મુદ્દા નં.૭ અંગે ડીમોલીશન કરેલ હતું કે કેમ? જો હોય તો શું કારણથી તેની વિગતોની માહિતી પૂરી પાડેલ નથી. આમ અરજદારને મુદ્દા નં.૭ સિવાય માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પાડેલ મુદ્દા નં.૭ ડીમોલીશન કરેલ હતું કે કેમ? જો હા હોય તો કારણની દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી હરેશભાઈ પરસોતમભાઈ આંબલિયા